**DATE: 23/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# નેત્રંગના લાલ મંટોડીમાં જુગાર રમતા ૬ ઝડપાયા




ભરૂચ, નેત્રંગ: નેત્રંગ પોલીસે લાલ મંટોડી ફળિયામાં ઇકબાલ મયુદીન શેખના ઘરમાં તેમનો જમાઈ અલ્પેશ ભાનુ પરમાર (મૂળ રહે.,વાસદ, તા.જિ.આણંદ) નેત્રંગ ગામના અને બહારના પત્તાપાનાં વડે જુગાર રમે છે એવી બાતમીના આધારે રેડ કરી હતી. જેના આધારે PSI પાંચાણી સહિત પોલીસ ટીમે રેડ પાડતાં ૬ ઈસમ ઝડપાઈ ગયા હતા. જેમાં ઝહીર બાઉદ્દીન શેખ (રહે.,નેત્રંગ, દર્શનાનગર), ફિરોઝખાન હમીરખાન પઠાણ (રહે.,નેત્રંગ, માંડવી રોડ), લાલસીંગ ઉર્ફે લાલુ શાંતિલાલ વસાવા (રહે.,ધોલેખામ, તા-નેત્રંગ), મંજીદ અબ્બાસ કુરેશી (રહે.,નેત્રંગ, શાંતિનગર), મહેબુબખાન કેશરખાન પઠાણ તેમજ અલ્પેશ ભાનુભાઈ પરમાર ( બંને રહે., નેત્રંગ, લાલ મંટોડી)ની ધરપકડ કરવામાં આવી હતી. નેત્રંગ પોલીસે તેઓ પાસેથી અંગજડતીના રૂ.૬૮૭૦, દાવના રૂ.૪૭૮૦, ચાર મોબાઈલ રૂ.૧૨,૦૦૦, ત્રણ મોટરસાઈકલ રૂ.૧,૦૫,૦૦૦ મળી કુલ રૂ.૧,૨૮,૬૫૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# મહુવાડા ગામે મકાનમાંથી રૂ.૧.૪૮ લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ LCB પોલીસ ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હતી. એ વેળા બાતમી મળી હતી કે, ઝઘડિયાના મહુવાડા ગામે નવા ફળિયામાં એક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. LCBએ રેડ કરતાં રૂ.૧,૪૮,૦૦૦ના દારૂના જથ્થો સાથે નગીન લોટીયા વસાવા ઝડપાઇ ગયો હતો. જ્યારે રાજેશ વસાવાને વોન્ટેડ જાહેર કરાયો હતો.

**DATE: 23/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી

# કોન્ટ્રાક્ટને મુદ્દે હત્યાના પ્રયાસના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકાની સાયખા જીઆઈડીસીમાં આવેલી એગ્રેસન કલર પ્રાઈવેટ લિમિટેડમાં સેહજાદ રફીકભાઈ રાજ તેમજ તેઓના ભાગીદાર અસરફ હસન રાજને પાયલિંગનો કોંટ્રાકટ મળ્યો હતો. જેથી બંને પાર્ટનર કામ જોવા કંપની ઉપર પહોચ્યા હતા. આ સમયે સારણ ગામના કામિલ મહબૂબ રાજ તેમજ કામિલ ગુલામ રાજ અને દેરોલ ગામના ઈલ્યાસ અલ્લી મલિક ઉપરાંત મોઢે રૂમાલ બાંધેલ એક અજાણ્યો સખ્સ કારમાં આવી બંને પાર્ટનરને ડબલ બેરલની બંદૂક બતાવી કામ નહીં ધમકી આપી જતા રહ્યા હતા. ત્યારબાદ સાંજે સેહજાદ રાજ તેમજ અસરફ રાજ કંપની ઉપરથી ઘરે જતાં હતા. ત્યારે જય કેમિકલ કંપની નજીક ચાર રસ્તાની બાજુમા એકા એક કામિલ મહબૂબ રાજ, કામિલ ગુલામ રાજ તેમજ ઈલયાસ અલ્લી મલિક અને મોઢા ઉપર રૂમાલ બાંધેલ અજાણ્યો ઈસમ તેમના પર જીવલેણ હૂમલો કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી ફરાર કામિલ ગુલામ રાજ અને ઈલ્યાસ અલ્લી મલિક અને અન્ય ઈસમ પોલીસના હાથે પકડાઈ ગયા હતા. મુખ્ય આરોપી કામિલ મહેબૂબ રાજ હજી ફરાર છે.

**DATE: 23/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મુખ્ય સૂત્રધારો સોશિયલ મીડિયામાં ગ્રૂપ બનાવી સટ્ટો રમાડતા હતા

# જંબુસરના કારેલી ગામે મોબાઈલમાં આઈપીએલનો સટ્ટો રમતાં 5 ઝડપાયાં

### વેડચ પોલીસે પાંચેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના કારેલી ગામે વેડચ પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. ટીમે અલગ અલગ સ્થળેથી 5 શખ્સોને મોબાઈલમાં આઈપીએલ પર સટ્ટો રમતાં ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 36 હજારના મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વેડચ પોલીસની ટીમ કારેલી ગામમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં પાંચ અલગ અલગ શખ્સોની બાતમી મળી હતી. જેના પગલે ટીમોએ અલગ અલગ દરોડા પાડ્યાં હતાં. જેમાં કોઠાવાગમાં સ્કૂલ પાસેથી પ્રકાશ ચંદુ પરમાર, દશરથ દલસુખ પઢિયાર, નરેશ રમેશ પરમારને જ્યારે વેડચ બંગલીયા વગામાં જ્યેશ ઠાકોર જાદવ તેમજ પ્રકાશ ચંદુ પરમારને ઝડપી પાડ્યાં હતાં. આરોપીઓ તેમના મોબાઈલમાં સોશિયલ મિડિયામાં પીકે, ડીએન, ફ્રેન્ડ્સ ફોર એવર, સીકેઆઈપીએલ, રાધે રાધે તેમજ ન્યુ ફ્રેન્ડ નામના ગ્રુપ બનાવ તેમાં ક્રિકેટ મેચ પર રન ફેર સહિતના અલગ અલ દાવ લગાડી હારજીતનો સટ્ટો રમતાં હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે ટીમે તેમને ઝડપી પાડી તેમની પાસેથી કુલ 36 હજારના મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 23/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ભરૂચ પોલીસમાં સક્રિય કામગીરી કરનાર પોલીસ કર્મી આરીફ અહમદ પટેલનું પોલીસવડાના હસ્તે સન્માન



ભરૂચ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓનો પોલીસ સેવામાં પ્રશંસનીય કામગીરી બદલ ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ ભરૂચ તથા અ.હે.કો. આરીફ અહમદ પટેલ નોકરી રીડર શાખા પોલીસ અધિક્ષકની કચેરી ભરૂચ તથા પો.કો.મલકેશભાઇ તેમજ પો.કો. વિશાલભાઇ નાઓને DGP'S Commendation Disc જાહેર કરવામાં આવેલ, જે પૈકી અ.હે.કો. આરીફ અહમદ પટેલને DGP'S Commendation Disc તથા પ્રમાણપત્ર પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ ભરૂચ નાઓના હસ્તે એનાયત કરવામાં આવેલ. અ.હે.કો. આરીફ અહમદ પટેલ ભરૂચ જીલ્લા પોલીસ દળમાં સને-૧૯૯૯માં ભરતી થયેલ તેઓ એક સામાન્ય ખેડુત કુટુંબમાંથી આવે છે, મુખ્યત્વે તેઓના કુટુંબના મોટાભાગના સભ્યો યુ.કે. તથા આફ્રિકા ખાતે સ્થાયી થયેલ છે, તેઓએ પોલીસ ખાતા ભરતી થયા બાદ ખુબજ વફાદારી અને નિષ્ઠા પુર્વક ફરજ બજાવતા તત્કાલીન પોલીસ અધિક્ષકઓએ પોલીસ દળની મહત્વની જગ્યાઓ ઉપર ફરજ બજાવવા નિમણુંક કરવામાં આવેલ. જેમા તેઓએ રાયટર તરીકે તથા હાલ પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં મહત્વની રીડર શાખામાં ફરજ બજાવે છે. જે ફરજ દરમ્યાન ખુબજ કુનેહ પુર્વક ફરજ બજાવતા ધાડ, લુટ, ઘરફોડ ચોરીઓ, ખુન, ખુનની કોશીષ જેવા ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવામાં મહત્વની કામગીરી કરેલ છે તેમજ સમાજને નુકશાનકારક પ્રોહિબિશન, જુગાર, નાર્કોટિક્સ તેમજ ગે.કા. હથિયાર ધારાના ગુનાઓ પણ શોધી કાઢવામાં મહત્વની ભુમિકા નીભાવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરફથી અલગ-અલગ પ્રમાણપત્રો તથા આશરે 550 કરતા વધુ ઈનામો તેમજ એક લાખ કરતા વધુ રોકડ રકમ પણ આપવામા આવેલ.

**DATE: 24/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# દહેજના કોલસા કૌભાંડમાં સલમાન ખાન, અરબાઝ ખાન સહિત 5ની ધરપકડ

**અંકલેશ્વરમાં** ગોડાઉન ભાડે રાખી મોરબીના 2 શખ્સ ઓસ્ટ્રેલિયન કોલસો ટ્રકમાંથી કાઢી માટી અને ફલાયએશ ભરાવતા હતા

**ભરૂચ** LCBએ 55 ટન કોલસો, 50 ટન માટી, 20 ટન ફલાયએશ, 10 ચક્કાની ટ્રક, લોડર, 5 મોબાઈલ મળી રૂ.65 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચઃ દહેજ અદાણીથી ટ્રકમાં નીકળતા ઓસ્ટ્રેલિયન કોલસાને કાઢી લઈ માટી અને ફ્લાયએશ ભરવાનું કૌભાંડ ભરૂચ LCBએ કાપોદ્રા ગોડાઉનમાંથી ઝડપી પાડ્યું છે. લક્ષ્મી સ્ટીલ ગોડાઉનની બાજુમાં મોરબીના દિનેશ પટેલ અને હરેશ ઝાલરિયાએ ગોડાઉન ભાડે રાખ્યું હતું. જેનો વહીવટ રાજકોટનો તિલક રાજેશ સેરસિયા કરતો હતો. દહેજ અદાણીથી નીકળતો અને ટ્રાન્સપોર્ટમાં જતો ઓસ્ટ્રેલિયન કોલસો અહીં સગેવગે કરાતો હતો. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે રેડ કરતાં ટ્રકમાંથી ઓસ્ટ્રેલિયન કોલસો કાઢી તેની જગ્યાએ ફ્લાયએશ અને થાનની માટી ભરવાનું રેકેટ રંગેહાથ પકડ્યું હતું.

LCBએ સ્થળ પરથી દિનેશ પટેલ, લોડર ડ્રાઈવર મૂળ બિહાર અને હાલ કાપોદ્રા લક્ષ્મી ટ્રેડર્સ ગોડાઉનમાં રહેતો સોનુ ગણેશરાય યાદવ, મૂળ UPનો સૂરજ રામપ્રીત ચૌહાણ તેમજ મહારાષ્ટ્રના MGR ટ્રાન્સપોર્ટના ખાનબંધુઓ સલમાન ખાન અને અરબાઝ ખાનની અટકાયત કરી હતી. હાલ સુરત રહેતો અરબાઝ ખાન ટ્રક ડ્રાઈવર હતો. જ્યારે તેનો ભાઈ સલમાન ખાન ક્લીનર તરીકે કામ કરતો હતો. સ્થળ પરથી 55 ટન કોલસો, 50 ટન માટી, 20 ટન ફ્લાયએશ, ટ્રક, લોડર, 5 મોબાઈલ મળી કુલ 18.65 લાખનો મુદ્દામાલ કબજે કરી એલસીબી આગળની તપાસ ચલાવી રહી છે.

**DATE: 24/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચની શ્રવણ ચોકડી પાસે સાઈન સ્પામાં ચાલતું કુટણખાનું ઝડપાયું

**બે સંચાલકની** ધરપકડ, બે ગ્રાહક, થાઈલેન્ડની ત્રણ અને મુંબઈની એક સેક્સ વર્કર મળી આવી

**એક મહિનાથી** સ્પાની આડમાં ચાલતા દેહવેપારમાં ગ્રાહક દીઠ રૂ.૨000 લેવાતા હતા



ભરૂચ: ભરૂચ એ ડિવિઝન પોલીસે શ્રવણ ચોકડી ઉપર સિલ્વર સ્ક્વેર શોપિંગ સેન્ટરમાં સાઈન સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. સાઈન સ્પામાંથી કોન્ડોમ પાઉચ પણ મળી આવ્યાં હતાં.

ભરૂચ શહેરના લિંક રોડ ઉપર સિલ્વર સ્ક્વેર શોપિંગમાં સાઈન સ્પાના ઓથા હેઠળ કૂટણખાનું ચાલતું હોવાની માહિતી ભરૂચ એ ડિવિઝન પોલીસને મળી હતી. રવિવારે ડમી ગ્રાહક અને પંચો સાથે ૨ મહિલા પોલીસ સહિત ૧૩ પોલીસ જવાનોને રેડ માટે તૈયાર કરાયા હતા. ડમી ગ્રાહક સ્પામાં જતાં જ પોલીસ ઉપર મિસકોલ કરતાં તુરંત રેઇડ કરાઈ હતી. કાઉન્ટર ઉપરથી સ્પાનો સંચાલક મૂળ સુરત અને હાલ ચાવજની સ્તવન સોસાયટીમાં રહેતો પંકજ નગીન પરમાર, ભાગીદાર કરજણનો વિરેન્દ્રસિંહ સરદારસિંહ માત્રોજા મળી આવ્યા હતા. જ્યારે સ્પાના રૂમોમાંથી કઢંગી હાલતમાં ડમી ગ્રાહક સાથે થાઇલેન્ડની ૩ અને મુંબઈની એક સેક્સ વર્કર યુવતી અને બે ગ્રાહક મળી આવ્યાં હતાં.

પોલીસે ૧૧ મહિનાથી સ્પા ના નામે દેહવેપાર ચલાવતા બંને ભાગીદાર, કઢંગી હાલતમાં ઝડપાયેલા ૨ ગ્રાહકો અંકલેશ્વરની રોશન સોસાયટીના શોએબ યુસુફ મોહંમદ પઠાણ અને ભરૂચના મહમદી પાર્કના ઈરફાન જમાલ પિંજારાની ઇમોરલ ટ્રાફિકિંગ એક્ટ હેઠળ ધરપકડ કરી હતી. સાથે જ કાઉન્ટર, અંગજડતીમાં રોકડામાં રૂ.૨૦,૪૦૦, કોન્ડોમ પાઉચ અને ૪ મોબાઈલની કિંમત રૂ.૨૦,૦૦૦ મળી કુલ રૂ.૪૦,૪૬૦નો મુદામાલ કબજે કરાયો હતો.

**DATE: 24/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# પાટણમાં છેતરપિંડીના ગુનામાં નાસતો-ફરતો આરોપી ભરૂચથી ઝડપાયો

ભરૂચ: ભરૂચમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની કવાયત ચાલી રહી છે. જેના સંદર્ભે એલસીબીની ટીમ અલગ-અલગ ટીમો બનાવી વોન્ટેડ આરોપીઓની શોધખોળના ભાગરૂપે નેશનલ હાઈવે-48 પર પેટ્રોલિંગમાં હતી. એ સમય દરમિયાન બાતમી મળી હતી કે, પાટણ જિલ્લાના કાકોશી પોલીસ સ્ટેશનમાં બનાવટી દસ્તાવેજો બનાવવા, છેતરપિંડી તથા વિશ્વાસઘાત આચરવા સહિતની આઈ.પી.સી.ની કલમો હેઠળનો નાસતો ફરતો આરોપી હોટલ બસેરા આસપાસ ફરી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે તપાસ કરતાં હોટલ બસેરા પરથી પાટણા કાકોશી પોલીસ સ્ટેશન વિસ્તારનો છેતરપિંડીના ગુનાનો ભાગેડુ આરોપી અમીન રસુલ આશામદી મળી આવ્યો હતો. જેની ધરપકડ કરી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

**DATE: 24/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# 'વાડ જ ચીભડાં ગળે': દહેજમાં ગુનેગારો સાથે મળીને ચોરી કરાવતા કોન્સ્ટેબલની ધરપકડ

**GACL કંપનીમાંથી 7.80 લાખના પેલેડિયમ પાઉડર ચોરીનો ભેદ ખૂલ્યો, કોન્સ્ટેબલ મહાવીરસીંગે જ ચોરી કરાવી હતી**





ભરૂચ: દહેજની જી.એ.સી.એલ. કંપનીમાંથી 7.80 લાખના પેલેડિયમ કેટાલિસ્ટ પાઉડર ચોરીમાં ઝડપાયેલા 4 આરોપીની તપાસમાં દહેજનો પૂર્વ કોન્સ્ટેબલ જ ગુનેગાર નીકળ્યો હોવાનો ઘટસ્ફોટ થતાં વાડ જ ચીભડાં ગળતી હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. હાલ અંકલેશ્વર જીઆઈડીસીમાં ફરજ બનાવતા મહાવીરસિંગની પોલીસે ધરપકડ કરી છે.

ભરૂચ એલસીબી પોલીસ મથકનો સ્ટાફ દહેજની જી.એ.સી.એલ. કંપનીમાં થયેલા પેલેડિયમ કેટાલિસ્ટ પાઉડર ચોરીના ગુનાને શોધી કાઢવા તપાસમાં હતો. દરમિયાન 17 મેના રોજ બાતમી મળી હતી કે કંપનીમાં અગાઉ નોકરી કરતો દહેજના ટાવર ફળિયામાં રહેતો રાહુલ સુરેશ રાઠોડ અને તેના મિત્રોએ ભેગા મળી ચોરી કરી છે. તેમજ સાથે તેઓ એક મકાનમાં ભેગા થયા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી દહેજના ટાવર ફળિયામાં રહેતા રાહુલ સુરેશ રાઠોડ, વિક્કી રાજકુમાર પવાર, મહેશ બકોર રાઠોડ અને અજય કનુ રાઠોડને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઝડપાયેલા ઈસમોની પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે, ચોરી કરી વેચી દીધેલા પાઉડરના તેમણે રૂ.7.80 લાખ મળ્યા હતા. પોલીસે રોકડા રૂપિયા અને 4 ફોન મળી કુલ રૂ.7.90 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ઝડપાયેલા તમામ આરોપીઓને દહેજ પોલીસને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## લો એન્ડ ઓર્ડર પ્રજા અને પોલીસ તમામ માટે એકસમાન : DSP ડો. લીના પાટીલ

"ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તંત્ર તમામ પ્રયત્ન કરી રહ્યું છે. પ્રોહિબિશન, જુગારની બદીને ડામવા સાથે આર્થિક, સામાજિક, મિલકતો, ચોરી સહિતના ગુના તેમજ ગુનેગારો ઉપર પોલીસ તવાઈ બોલાવી રહી છે. કોઈપણ પ્રકારની ગુણખોરીમાં અપરાધી કોઈપણ હોય તેના સામે કાયદા મુજબ કાર્યવાહી થશે જ.

હવે આ ચોરીમાં સૌથી સનસનીખેજ અને મોટો ખુલાસો સામે આવ્યો છે, જેમાં આ આરોપીઓને કાયદાનું પીઠબળ આપી ચોરીની પ્રેરણા આપનાર પ્રોત્સાહિત કરનાર ગુનેગાર તરીકે પોલીસ કર્મચારીનાં કરતૂત ખુલ્લા પડ્યાં છે. અગાઉ દહેજ પોલીસમાં ફરજ બજાવતા મહાવીરસિંગ ભૂપતસંગનો પરિચય આરોપીઓ સાથે થયો હતો. આ પોલીસ જવાને આરોપીઓને તમે ચોરી કરો, હું જોઈ લઈશ તેમ કહ્યું હતું. ચાર આરોપી 7.80 લાખની પેલેડીયન ચોરીમાં પકડાયા બાદ આરીપીઓની કોલ ડિટેઈલ અને CCTV ફુટેજમાં પોલીસ કો.મહાવીરસિંગની સંડોવણી બહાર આવી હતી. જેના આધારે હાલ અંકલેશ્વર જીઆઈડીસીમાં ફરજ બજાવતા પોલીસ કો.ની ધરપકડ કરી લેવામાં આવી છે.

**DATE: 24/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એલસીબીએ 13 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# હસ્તીતળાવ નજીકથી દારૂ સાથે મહિલા સહિત બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

અંકલેશ્વર ના હસ્તી તળાવ હાઉસિંગ બોર્ડ માં એક મકાન માંથી ભરૂચ એલસીબી પોલીસે 13 હજાર ઉપરાંત ના વિદેશીદારૂ ના જથ્થા સાથે એક મહિલા અને એક બુટલેગર ની અટકાઉંટ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન અંકલેશ્વર ના હસ્તી તળાવ ગુજરાત હાઉસિંગ બોર્ડ માં એક મકાન માં વિદેશીદારૂ અંગે ની મળેલી માહિતી ના આધારે રેડ કરતા મકાન માંથી વિદેશીદારૂ નો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે સ્થળ ઉપરથી નસરીન નિઝામ અબ્દુલ મીર્ઝા અને બુટલેગર શાહરુખ નજીર પઠાણ ની અટકાયત કરી રૂપિયા 13 હજાર 600 નો વિદેશીદારૂ નો જથ્થો કબ્જે કરી આરીફ લાલ શેઠ અને નેવિલ મનહર ગાંધી ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ અંકલેશ્વર શહેર પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 26/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# કોલસા કૌભાંડમાં સંડોવાયેલ વધુ બે આરોપી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ કાપોદ્રા પાસેના લક્ષ્મીસ્ટીલ ગોડાઉનની બાજુમાં દરોડા પાડ્યા હતા પોલીસે દહેજ અદાણીથી નીકળતો અને ટ્રાન્સપોર્ટમાં જતો ઓસ્ટ્રેલિયન કોલસો સગેવગે કરી ફ્લાયએશ અને થાનની માટી ભેળવી દેવાનું રેકેટ પકડી પાડ્યું હતું અને પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા જ્યારે આ કોલસા કૌભાંડમાં સંડોવાયેલ વધુ બે આરોપી મોરબીના હરેશ છગન ઝલડીયા અને તિલક રાજેશ સેરઠીયાને ઝડપી પાડ્યો હતો

**DATE: 27/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ઝઘડિયાનો ભાગેડુ આરોપી દારૂ સાથે ઝડપાયો

ઝઘડિયા: ભરૂચ પેરોલ ફર્લોની ટીમે ઝઘડિયા પોલીસ મથકના વોન્ટેડ આરોપીને દુબોરીદ્રા ગામે જવાના રસ્તા પરથી ઝડપી લીધો હતો.

ભરૂચ પેરોલ ફર્લો PSI ડી.આર. વસાવાને ઝઘડિયા પોલીસ મથકના ગુનાના કામના નાસતા ફરતા ઈસમની બાતમી મળી હતી. જેના આધારે તેમણે આપેલા માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો ટીમે ઝઘડિયા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી ઝઘડિયા પોલીસ મથકે આરોપી તરીકે નોંધાયેલા નાસતા ફરતા સુનિલભાઈ સુકાભાઈ વસાવા (મૂળ રહે. દુમાલપુર તથા હાલ રહે. ફુલવાડી તા.ઝઘડિયા)ને મુલદ ચોકડીથી અંદર દુબોરીદ્રા ગામ તરફ જવાના રસ્તા પરથી ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી દેશી દારૂ, મોપેડ તેમજ મોબાઈલ મળીને કુલ રૂ.51260નો મુદ્દામાલ કબજે લીધો હતો. પેરોલ ફર્લો સ્ક્વોડે આરોપીને આગળની કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસને સોંપ્યો હતો.

**DATE: 27/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# ઝઘડિયા તાલુકાની સગીર બાળાનું અપહરણ કરનાર ઈસમને પોલીસે ઝડપી લીધો

ઝઘડિયા : ઝઘડિયા તાલુકાના એક ગામે રહેતી એક સગીર વયની બાળાનું કોઈ ઈસમ પટાવી ફોસલાવીને અપહરણ કરી ગયો હતો. આ અંગે ગત તા.૨૦ મીના રોજ પોલીસ મથકે ફરિયાદ લખાવા પામી હતી. ઝઘડિયા તાલુકાના એક ગામે આ સગીરા તેના મોટાકાકા સાથે રહેતી હતી. આ સગીર બાળાનું અપહરણ થતાં પોલીસે અપહરણ કરનાર અજાણ્યા ઈસમ બાબતે તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતુંકે સગીરાનું અપહરણ કરનાર ઈસમ ભરુચ તાલુકાના નિકોરા ગામે એના સંબંધીને ત્યાં રોકાયેલ છે. રાજપારડી પીએસઆઈ જી.આઈ. રાઠોડે પોલીસ ટીમ સાથે મળેલ બાતમી મુજબ નિકોરા ગામે જઈને આ કામના આરોપીને અપહરણ થયેલ બાળા સાથે ઝડપી લીધો હતો. પોલીસે અપહરણ થયેલ બાળાને મુક્ત કરાવી હતી, અને આ અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપી સાગરભાઈ વિનેશભાઈ વસાવા રહે.ગામ નિકોરા અને મુળ રહે.ગામ અવિધા તા.ઝઘડીયાના વિરુધ્ધ નંધાયેલ ફરિયાદ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 28/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર જીઆઈડીસીમાં 2 અઠવાડિયાથી ગુમ 2 બાળક સુરતના કતારગામમાંથી મળ્યાં



અંકલેશ્વર: અંકલેશ્વર જી આ ઈ ડી સી વિસ્તારમાંથી છેલ્લા 2 અઠવાડિયાથી 2 બાળકો ગુમ હતા. જોકે, બન્ને બાળકોને સુરત ખાતેથી પરત લાવી ભેટો કરાવતા પરિવારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસનો આભાર માન્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ લક્ષ્મણનગર ખાતે રહેતા સુરજ તેમજ સાજન નામના 2 બાળકો છેલ્લા 2 અટવાડિયાથી અચાનક ગુમ થઈ ગયા હતા. જોકે, સુરત રેલવે સ્ટેશન ખાતે રેલવે પ્રોટેકશન ફોર્સને આ બન્ને બાળકો મળી આવ્યા હતા. પોલીસે બન્નેની પૂછતાછ કરતા યોગ્ય જવાબ ન આપ્યો હતો. સમગ્ર મામલે રેલવે પોલીસે ચાઇલ્ડ હેલ્થ કેરને જાણ કરતા બન્ને બાળકો આ સંસ્થાને સોંપી દેવામાં આવ્યા હતા. જોકે, આ બાળકોએ યુપીના હોવાનું જણાવ્યું હતું. અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે બાળકોના પરિવારની ફરિયાદના આધારે તપાસ હાથ ધરતા આ બન્ને બાળકો સુરતના કતારગામ વિસ્તારમાં હોવાની માહિતી મળી હતી, ત્યારે પોલીસ દ્વારા સુરતથી બન્ને બાળકોનો કબજો મેળવી અંકલેશ્વર પરત લાવવામાં આવ્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બન્ને બાળકોનો મા-બાપ સાથે ભેટો કરાવ્યો હતો, પોતાના બાળકોને હેમખેમ જોઈ પરિવારે પ્રભુ અને જીઆઈડીસી પોલીસનો આભાર માન્યો હતો.

**DATE: 28/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# વાલિયામાં ડુંગળીના કટ્ટાની આડમાં લવાતો રૂ.૩.૮૪ લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ: વાલિયા પોલીસે ડેડિયાપાડાથી વાલિયા આવતી રાજસ્થાની ડ્રાઈવર બોલેરો ગાડી ડુંગળીના કટ્ટાની આડમાં રૂ.૩.૮૪ લાખનો ગેરકાયદે વિદેશી દારૂ આબાદ ઝડપી પાડ્યો હતો.પોલીસે ડ્રાઈવર દુર્ગેશ ચૌધરી (રહે., લુનાડા, જિ-બાડમેર, રાજસ્થાન)ની સઘન પૂછપરછ કરી હતી. દુર્ગેશ ચૌધરીએ અંદર ડુંગળીના કટ્ટા ભર્યા હોવાનું કહ્યું હતું. પોલીસે સઘન ચેકિંગ કરતાં ગાડીમાં ભરેલા ડુંગળીના કટ્ટા નીચે ઉતારતાં દારૂ ઝડપાઈ ગયો હતો. પોલીસે ડુંગળીના કટ્ટા નંગ-૨૦ કિંમત રૂ.૪૦૦૦, બોલેરો ગાડી કિંમત રૂ.૫,૦૦,૦૦૦ તથા એક મોબાઈલ કિંમત રૂ.૫૦૦૦ મળી કુલ રૂ.૮,૯૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે દુર્ગેશ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં બાઈકચોર ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસમથકના સ્ટાફને એક શખ્સ નંબર વગરની ચોરીની મોટરસાઈકલ લઈ આવી રહ્યો હોવાની મળેલી માહિતીના આધારે ઉદ્યોગનગર ફાટક પાસે વોચ ગોઠવી હતી.ત્યારે એકને રોકી પૂછપરછ કરતાં તે મૂળ યુપી અને હાલ સોનમ સોસાયટીમાં રહેતો રમેશ બબનસીંગ કુર્મી હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસે મોટરસાઈકલના દસ્તાવેજો માંગતાં તેણે ડુપ્લિકેટ આરસી બુક રજૂ કરી હતી. પોલીસે પોકેટ કોપમાં સર્ચ કરતાં મોટરસાઈકલ નંબર અને આરસી બુક મોપેડની હોવાનું માલૂમ પડ્યું હતું. આ મોટરસાઈકલ તેણે જીઆઈડીસીમાં કેડિલા ફાર્મા યુનિટ-2ના ગેટ પાસેથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

**DATE: 28/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

ગુનેગારોને શોધવા હોટલો-પોલીસ વચ્ચે પાથ બનશે પથિક સોફ્ટવેર: જિલ્લાની હોટલોના રજિસ્ટ્રેશનની માહિતી SOGના પથિક સર્વરમાં એકત્ર થશે

# ગુનેગારોના આશ્રય પર પથિક સોફ્ટવેર પહેરો ભરશે, ભરૂચ પોલીસની હાઈટેક નજર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લો સંવેદનશીલ જિલ્લામાં આવે છે. ભુતકાળમાં આતંકી સહિતના વિવિધ બનાવોમાં ભરૂચ જિલ્લાનું નામ ખરડાયું છે. ત્યારે ભવિષ્યમાં પણ કોઇ પણ પ્રકારની આતંકી કે હત્યા-લૂંટ જેવા ગંભીર ગુનાઓમાં આરોપીઓ જો જિલ્લાની કોઇ હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાયાં હોય તો તેમનું ગણતરીના સમયમાં જ લોકેશન મળી જાય તે માટે સરકાર દ્વારા ખાસ વેબ ડિઝાઇન કરવામાં આવ્યું છે. જેને પથિક (પ્રોગ્રામ ફોર એનાલિસીસ ઓફ ટ્રાવેલર્સ એન્ડ હોટલ્સ ઇન્ફોમેટીક્સ) નામ આપવામાં આવ્યું છે. ભરૂચ એસઓજી શાખામાં પથિક સોફ્ટવેરનું સર્વર કાર્યરત કરાયું છે. જેમાં જિલ્લાની દરેક હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ તેમજ ધર્મશાળા સહિતના આશ્રયસ્થાનોને તેમનું પોતાની આઇડી-પાસવર્ડ આપવામાં આવે છે. જેના થકી તેઓ તેમના ત્યાં રોકાણ(રહેવા) કરવા આવતાં લોકોના ફોટા વાળા આઇડીપ્રુફ સહિત તેમના કોન્ટેક્ટ નંબર, એડ્રેસ સહિતની વિગતો તેમણે પથિક સોફ્ટવેરમાં અપડેટ કરવાની હોય છે. જેથી ભવિષ્યમાં જિલ્લામાં કોઇ પણ પ્રકારની ગુનાઇત પ્રવૃત્તિ બની હોય અને ગુનેગારે જિલ્લાની કોઇ હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ સહિતના સ્થળોએ આશરો લીધો હોય તો પથિક સોફ્ટવેરના માધ્યમથી ગુનેગારની માહિતી મેળવવામાં સરળતાં રહેશે. ઉપરાંત પોલીસે તમામ હોટલોમાં જઇ મેન્યુઅલી રજિસ્ટર ચેક કરવા સહિતની કામગીરીમાંથી છુટકારો મળતાં પોલીસ તે સમયનો ઉપયોગ આરોપીઓના સગડ મેળવવા માટેની અન્ય પ્રોસેસમાં ઉપયોગ કરી શકશે.



## ...તો અમે ગુનો દાખલ કરીશું

જિલ્લામાં પથિક સોફ્ટવેરને અમે એક્ટિવ કરાવ્યું છે. જિલ્લાની તમામ હોટલો, ગેસ્ટહાઉસ, લોજ, ધર્મશાળા સહિતના સ્થળે સંચાલકોએ આ સોફ્ટવેરમાં તેમના ગ્રાહકોની એન્ટ્રી કરવી જ પડશે. દરેક માટે તે ફરજિયાત છે. પોલીસની ચેકિંગમાં જો હોટલમાં સોફ્ટવેરમાં એન્ટ્રી વિના ગ્રાહકોને રૂમ આપવામાં આવ્યો હોય તેવું ધ્યાનમાં આવશે તો તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાશે. » ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ.

## આંતર રાજ્યના ગુનાઓમાં પણ સંકલન થશે

જીલ્લામાં આ સોફ્ટવેરનો ઉપયોગ કાર્યરત કરવામાં આવે તો આંતર રાજ્ય તેમજ આંતર જીલ્લાના ગુન્હેગારો તેમજ આતંકવાદ જેવા ગંભીર બનાવોને અટકાવી શકાય તેમજ બનેલ ગુન્હાઓ શોધવા માટે સમગ્ર રાજ્યની પોલીસ સંકલનમાં રહી ખુબજ ઓછા સમયમાં પરીણામલક્ષી કામગીરી કરી શકાય, તેમજ એકસુત્રતા સાથે સરળતાથી મોટાપાયે તપાસમાં ઉપયોગી સાબિત થઈ શકશે.

## હોટલ-ગેસ્ટ હાઉસમાં જે તે પોલીસ મથકનો સ્ટાફ અવાર-નવાર ચેકિંગ કરશે

હોટલ સંચાલકોને જે પ્રકારે પથિક સોફ્ટવેરમાં ફરજિયાત પણે તેમના ગ્રાહકોની નોંધણી કરવાની સુચનાઓ આપવામાં આવી છે. તેનું ચુસ્તપણે પાલન થાય છે કે નહીં તે તપાસવાની તકેદારી જે તે પોલીસ સ્ટેશન રાખશે. સમયાંતરે હોટલોમાં ચેકીંગ કરી સોફ્ટવેરમાં ચોક્કસ પણે એન્ટ્રી થાય છે કે નહીં તે ચકાસી તેનો રિપોર્ટ એસપીને આપવાનો રહેશે.

**DATE: 29/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં ઓસ્ટ્રેલિયન કોલસો સગેવગે કરવાની ઘટનામાં 12 આરોપી ઝડપાયા

અંકલેશ્વરઃ ભરૂચ એલસીબી પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર હાઈવે ઉપર આવેલ કાપોદ્રા પાસેના લક્ષ્મી સ્ટીલ ગોડાઉનની બાજુમાં ગત 23મી મેના રોજ દહેજ અદાણીથી નીકળતો અને ટ્રાન્સપોર્ટમાં જતો ઓસ્ટ્રેલિયન કોલસો સગેવગે કરાતાં કોલસા કૌભાંડ પર દરોડા પાડ્યા હતા. પોલીસે ટ્રકમાંથી ઓસ્ટ્રેલિયન કોલસો કાઢી ફ્લાયએશ અને થાનની માટી ભેળવી દેવાનું રેકેટ પકડી પાડ્યું હતું અને સ્થળ પરથી 55 ટન કોલસો, 50 ટન માટી, 20 ટન ફ્લાયએશ, ટ્રક, લોડર, 5 મોબાઈલ મળી કુલ 18.65 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. અગાઉ સાત આરોપીને ઝડપી પાડ્યા હતા. જ્યારે આ કોલસા કૌભાંડમાં સંડોવાયેલા વધુ આરોપી કોસંબાના સારબી એપાર્ટમેન્ટમાં રહેતો અંકિત સુમેરસિંહ રાઠોડ, કિશોર વિષ્ણુપદ વિશ્વાસ, મનદીપકુમાર દેવમની તિવારી અને પરેશકુમાર સુરેશ પટેલ, વિરેન્દ્રસિંહ બળવંતસિંહ ખેર, દિનેશ હરજીવન પટેલ સહિત 12 ઈસમને ઝડપી પાડ્યા હતા.

**DATE: 29/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ત્રાસવાદી પ્રવૃત્તિની આશંકા : પોલીસ વિભાગ સતર્ક, કલેક્ટરે જાહેરનામા બહાર પડાયાં

# નર્મદા નદીના પાંચ બેટ પર અધિકૃત પરવાનગી વિના પ્રવેશ પર પ્રતિબંધ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં અસામાજિક તત્વો દ્વારા કોઇ ગુનાઇત કૃત્યને અંજામ આપવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના પગલે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. જિલ્લામાં આવા કોઇ ત્રાસવાદ જેવા કોઇ અનિચ્છનિય બનાવો ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવા રહે તે માટ ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલાંરૂપે ધનિષ્ટ ચેકિંગ સહિતના પગલાં હાથ ધરાયાં છે. ઉપરાંત ત્રાસવાદીઓ દરિયાઇ માર્ગે આવી નર્મદા નદીમાં ઉપસી આવેલાં ટાપુઓ જેમકે સરફુદ્દીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ તેમજ આલિયાબેટમાં આવી રોકાણ કરે તેવી શક્યતાઓને લઇને તમામ બેટ પર અધિકૃત અધિકારીની મંજૂરી વિના કોઇ પણ વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમજ કોઇ પણ પ્રકારના બાંધકામ, ધાર્મિક મેળાવડા ન કરવા સૂચના અપાઇ છે. ઉપરાંત જો કઇ પ્રવેશ કરે તો તેમની સામે કાનની પગલાં ભરવામાં આવશે તેમ જણાવાયં છે.



ફાઇલ ફોટો

## પોલીસમાં ભાડૂઆતોની નોંધણી કરાવવી જરૂરી

ત્રાસવાદી તત્વો રહેઠાંણ તેમજ ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગી અને જાહેર સંપતિને નુકશાન કરવાની કોશિષ કરે છે. જેથી દરેક મકાન, દુકાનો સહિતના એકમોના માલિકોએ ભાડૂઆતોની નોંધણી સ્થાનિક પોલીસ મથકે કરવા સૂચના આપી છે.

## ટ્રાન્સપોર્ટરોએ ડ્રાઇવરો-ક્લીનરોનો ભૂતકાળ જાણવો પડશે

અસમાજિક તત્વો ટ્રાન્સપોર્ટના વાહનોમાં ડ્રાઇવર-ક્લિનરની નોકરી મેળવી ભૌગોલિક સ્થિતીનો ચિતાર મેળવતાં હોય છે. સ્લિપર સેલ તરીકે તેમનો ઉપયોગ થાય છે. જેથી ટ્રાન્સપોર્ટરોએ તેમના ડ્રાઇવર-ક્લિનરના નામ-સરનામા, અગાઉના ઇતિહાસ જાણવો જરૂરી છે.

**DATE: 29/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નર્મદા મૈયા બ્રિજ પર ભારદારી વાહનો પર પ્રતિબંધ

# ભૂલથી આવતાં ભારદારી વાહનોને પરત મોકલાયાં

### પ્રતિબંધ અંગેના સાઈન બોર્ડના અભાવે મુશ્કેલી



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ - અંકલેશ્વર વચ્ચેનો નર્મદા મૈયા બ્રીજ પરની ભારદારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ત્યારે ભારે વાહનો બ્રીજ પર ન આવી જાય તે માટે બન્ને તરફ પોલીસ-ટ્રાફિક જવાનોની ટીમ તેનાત કરાઇ છે.

નર્મદા મૈયા બ્રીજ પર ભારદારી વાહનો પર પ્રતિબંધને લઈને કોઈ સાઈન બોર્ડ ન હોવાને કારણે હજી પણ કેટલાંક ભારે વાહન બ્રીજ તરફના રોડ પર આવી જતાં હોય છે. જોકે, પોલીસ દ્વારા તાકીદે તેમને રોકી પરત થવા માટે સુચના અપાઇ રહી છે. ભારે વાહનો પર પાબંધી લગાવવાને કારણે હવે ભરૂચના સરદાર બ્રીજ પર ટ્રાફિકની અસર જોવા મળે છે.